# સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

યેન-કેન સંઘને સાધી લીધું, એ છે વિકાસ?
મારી-મચડી જૂથ બાંધી દીધું, એ છે વિકાસ?
રાંધી લીધું ચૂંટણીમાં કૈંક બાફી-કાચું-પાકું -
હિંદુસ્તાન હાથમાં લઇ લીધું! એ છે વિકાસ?!

## હાઇકુ

અમીત મર્જી
ને સંઘની એલર્જી -
કિરણ બેદી -
(દિલ કી બાત)

લાંચ રૂસ્વત -
થૈ ગૈ લાગે છે હવે -
ખાવાની છૂટ!!
(હું ખાઇશ ને ખાવાયે દઇસ)

## ચિંતન

**તક્ષકસ્ય વિષં દંતે મક્ષિકાય શ્વાશ્ચ મસ્ત કે । વૃદ્ધિકસ્ય વિષં પૂચ્છે સર્વાંગ દુજનસ્ય તત્ ॥**

'સાપનું ઝેર દાંતમાં હોય છે અર્થાત જો સાપ તેની દાઢ વડે દંશ આપે તો જ માણસનું મૃત્યુ થાય, માખીનો વાયરસ-ચેપ તેના માથામાં હોય છે અને વીંછીની પૂછડીમાં ઝેરી ડંખનો કાંટો હોય છે એટલે તેની પૂંછના કાંટા દ્વારા જ દંશ મારે છે, પરંતુ દુર્જનના તો આખા શરીરમાં ઝેર વ્યાપ્ત હોય છે તેનો સંગ-જીવ-સથવારો-તેનાં કામ-વર્તન-બધું જ દ્વેષ અને દુષ્ટકૃત્યોથી ભરપૂર હોય છે એટલે સંપૂર્ણ ડંખીલો જ હોય છે.'

દુર્જન-દુષ્ટ-ઠગારા લોકો સરળ લોકોનો વિશ્વાસ સંપાદન કરી એમની સાથે દગો-વિશ્વાસભંગ કરી ખૂબ મોટો આઘાત આપે છે - આજકાલ ઘેર ઘેર જઇ દાગીના ધોઇ આપનારા, પોતાના પૈસા ફેંકી, જાણે મદદરૂપ થઇ બેંકની રકમ છીનવી જનારા, કોઇની જમીન વેંચી નાખનારા-અને વિધવાની મૂડી-દાગીના-બંગડીઓ ઉતરાવી જનારા ઝેરી સાપ કરતાં પણ વધારે હળાહળ ઝેરનો ડંખ મારી જાય છે.

સાપ તો દાઢ બેસાડે તો જ મૃત્યુ થાય અને વીંછીના પૂંછનો કાંટો પેસે તો જ ઝેર ચઢે પણ દુર્જનની આંખ-જીભ-શરીર બધું જ ઝેરીલું છે એનો સ્પર્શ કે વાતચીતથી જ સજ્જનનું 'મૃત્યુ' નિશ્ચિત જ છે.

## સુવિચાર

- દિવસ દરમિયાન કરવામાં આવેલી પ્રતિક્રિયા કે પ્રતિભાવની હારમાળાને વર્તણુક કહે છે - તમિલ કહેવત
- કેટલાક માણસો પ્રકાશ જોઇને જ પોતાના માર્ગ બદલી નાખે છે, જયારે કેટલાક તેની ગરમીથી શેકાઇને, કેટલાક માણસો ઇશારાથી સમજીને પોતાનું વર્તન બદલી નાખે છે.. બાકીના અથડાઇ કુટાઇને.. - એસ. ભટ્ટાચાર્ય
- જો તમારી પાસે 'શા માટે જીવવું?' એ તો ટેમ્પરરી જવાબ પણ સ્પષ્ટ હશે તો તમે જીવનનું કોઇ પણ દર્દ સહન કરી શકશો - ફ્રેડરીક નિત્શે
- હજ્જારો સલાહો આપી શકાય છે કે 'ટાઇમ મેનેજમેન્ટ' કેવી રીતે કરવું... પણ મૂળ વાત એ છે કે જેઓ જાતને બરાબર મેનેજ કરી શકે છે તેઓનો ટાઇમ આપોઆપ મેનેજ થઇ જાય છે - રોબિન શર્મા
- જીવનમાંથી જે લઇ શકો તે લઇ લો.. કારણ કે જીવન જયારે તમારી પાસેથી લેવાનું શરૂ કરશે ત્યારે તમારો છેલ્લો શ્વાસ પણ લઇ લેશે - સંત રોબિન
- જો હું અહંભાવ કરું છું તો હે ઇશ્વર!! તું પ્રાપ્ત થતો નથી, અને તું પ્રાપ્ત થાય છે, તો અહંભાવ રહેતો નથી - ગુરુ નાનક
- સુખની આડે એક મોટું નડતર, વધુ પડતા સુખની ધારણારૂપી હોય છે - ઉજ્જવલ પંડિત

- (સંકલન : દીપક વી. આસરા)

## બોધ કથા

'આપણો કહેવાતો ધર્મ-પંથ-સંપ્રદાય માટે આપણે ગમે તેટલા ચૂસ્ત કે કટ્ટર હોઇએ છતાં પણ તેના અનુયાયી તો શું તેના સ્થાપક વડા સુધી કોઇને 'સાક્ષાત્કાર' થઇ ગયો એવું જાણવા મળ્યું નથી તેમના ચેલકાઓ ભલે એમને 'ભગવાન' બનાવે. બાકી પંથના ચાવીના ઝૂડાથી ભગવાન દરબારના દ્વાર ખૂલતાં નથી.'

મુલ્લાં નસરૂદ્દીન એક શેખ પાસે પંદર વર્ષથી નોકરી કરતાં હતા. ઘરનો બધો કારોબાર બારોબાર ચલાવવાની તેમની જવાબદારી અને સ્વતંત્રતા હતી. એક દિવસ અચાનક નસરૂદ્દીન તેના માલિક શેખ પાસે ગયો અને ચાવીનો ઝૂડો શેખના પગ પાસે મૂકી કહ્યું, બસ, બહુ કરી હવે મારે તમારી નોકરી નથી કરવી.

શેખને - કોઇ ગુરુ - પોતાના શિષ્ય-વેશ છોડી પાછો સંસારમાં જાય એવો આઘાત લાગ્યો - પૂછ્યું : કાં, મુલ્લાં શું થયું? તું તો મારો વિશ્વાસુ નોકર છે અને ઘરની ચાવીનો ઝૂડો આખો તારી પાસે જ રહે છે. છતાં તું શા માટે નોકરી છોડી જાય છે!

મુલ્લો કહે, શેખ હું બહુ તમારી-સેવા અને આજ્ઞામાં રહ્યો - કોઇ'દિ ઝૂડા-ચાવીની જરૂર જ ન પડી પણ કાલે કબાટ-તિજોરી ખોલવાની જરૂર પડી તમારા આખા ઝૂડાની કોઇ ચાવી કયાંય લાગુ પડતી નથી! બધી ખોટી છે!!

(મંત્ર-તંત્રો-જાપ એ ખોટી ચાવીનો ઝૂડો છે.)

Email - sureshchandrabhatt18@gmail.com

# 'પાંચસો માણસની વસતીવાળા તમારા ગામમાં બધું જ શ્રેષ્ઠ હોય એ હું માનવા તૈયાર નથી, ગામમાં કયાંક તો, કયારેક તો કોઇ ખરાબ કામ થયું હશે, બીજા શબ્દોમાં કહું તો સાંપ્રત પ્રવાહોને કારણે કયાંક તો ખરાબી હશે જ!'

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
# શબ્દસેતુ
સંપાદકો નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

### સમાચાર સેતુ

ગાંધીનગર સાહિત્ય સભાની રાબેતા મુજબની માસિક બેઠક, તા. ૮-૨-૨૦૧૫ને રવિવારના રોજ, સાંજના ૫.૦૦ વાગે, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવનની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે; સંસ્થાના પ્રમુખ ભરત કવિ 'ઊર્મિલ' ના અધ્યક્ષસ્થાને મળશે. આ સભામાં, સંસ્થાના સભ્ય ભાલચંદ્ર કાજરેકર દ્વારા, મરાઠી ભાષામાંથી ગુજરાતીમાં અનુવાદિત 'આપા સાહેબની વાતો' પુસ્તકનું વિમોચન અને લોકાર્પણ વિધિ થશે તથા સાહિત્યકારો પોતાની સ્વરચિત અને અપ્રગટ રચનાઓ - કાવ્ય, ગીત, ગઝલ કે લઘુકથાનું પઠન કરી શકશે. આવી રચનાની એક નકલ સ્વચ્છ અક્ષરોમાં, એકબાજુ લખેલી રજૂ કરવાની રહેશે.

આ સભામાં ઉપસ્થિત રહેવા સાહિત્ય સભાના સભ્યો, સાહિત્યકારો, સાહિત્યરસિકો ભાવકો તથા મહાનુભાવોને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવે છે.

### અવળોક્તિ

ગ્રાહક : આ પેરાશ્યૂટ - વિમાન છત્રી બરાબર છે ને? કોઇ તકલીફ જેવું નથી ને?
વેપારી : એવું કાંઇ થાય તો, બેધડક બદલાવી જજો ને!

●●●

### કાવ્યસેતુ : સિસ્મોગ્રાફ

સિસ્મોગ્રાફ જેવું જ
સંવેદનશીલ હતું
મુજ હૃદય એકદા.
જરા સી સંવેદનાથી
ધ્રૂજી ઉઠતું
મુજ હૃદય એકદા.
કિંતુ
આવ્યા ભૂકંપ એટલા
મળ્યા આઘાત એટલા
કે ખોટવાઇ ગયું,
બગડી ગયું
મુજ હૃદય સર્વદા.
બરડ બની ગયું,
પાષાણ બની ગયું
મુજ હૃદય સર્વદા.
સિસ્મોગ્રાફ જેવું જ
સંવેદનશીલ હતું
મુજ હૃદત એકદા!

- પ્રવીણ ગઢવી

### આતમરામ, પરમાર્થે ભવ ઉજાળ!

સ્વાર્થ સંચય ત્યજી આતમરામ, પરમાર્થે ભવ ઉજાળ!
નિજ સ્વાર્થમાં અંધ બનીને, દુ:ખી સમાજને ન પ્રજાળ!
સ્વાર્થ ઉંબાજિયાં ચાંપી આતમરામ, આગમાં ઘી ન ઢાળ!
પરમાર્થ કાજે કંઇ ન સૂઝે, મુખે ટપકે મધલાળ!
માયાનાં વળગણ જળો બની વળગ્યાં, તું રહ્યો અજાણ!
ખોખલી કાયાના થયા કટકા, તેની તને થૈ નહીં જાણ!
ઉષાએ ઉચાળા ભર્યા, સંધ્યા ઢળી, આથમશે જીવન ભાણ!
માયાનાં બંધન કર અળગાં, વિંધશે તુને મૃત્યુબાણ!
'દધિ' છોડ હવે ખાલી ગર્જવાનું ને થા તું ધીરગંભીર,
પરકાજે સરિતાસમ વહીં, રેલાવ અમૃતશાં નીર!
'દધિ' મંથને દે કષ્ટ કાયાને, પામવા મોંઘુ નવનતી,
પરકાજે 'દધિ' મંથને, મળશે જ નવરત્નો ખચીત!
મનુજન્મ ફરી નહીં મળે, પાછી ફરશે નહીં આજ!

- મૂળજીભાઇ પરમાર 'દધિ'

### સંવેદનોક્તિ

● જે વ્યથાને અડકે નહીં, એ કલમ અધૂરી છે,
જે કલમથી ટપકે નહીં, એ વ્યથા અધૂરી છે.

● દુનિયાની મોટી આફત એ છે કે, મૂર્ખાઓનો
આત્મવિશ્વાસ કયારેય ડગતો નથી અને
બુદ્ધિશાળીઓ પોતાની આશંકાઓમાંથી
કદીએ ઊંચા આવતા નથી!

● ચાલો, એકપળ હસી લઇએ,
સામાના અંતરમાં વસી લઇએ!

### સંતવાણી

માટી કહે કુમ્હાર કો, તૂ કયાં રોંદૈ મોહિં !
ઈક દિન ઐસા આયેગા, મૈં રોંદુગી તોંહિ !

- કબીર

### લઘુકથા
### ચાંપતાં પગલાં

- સૂર્યકાન્ત સંઘવી

'તમારા આ ગામને ગુજરાતના શ્રેષ્ઠ ગામ તરીકે પસંદ કરવામાં આવ્યું તે પ્રસંગે તમારો શો પ્રતિભાવ છે?' જર્નાલિસ્ટ બહેને મમળાવી ઈન્ટરવ્યુનો પહેલો પ્રશ્ન પૂછ્યો.

'ગામડાંઓ તો બધાં જ શ્રેષ્ઠ હોય છે.' સરપંચે આવડ્યો એવો પ્રતિભાવ આપ્યો.

'પાંચસો માણસની વસતીવાળા તમારા ગામમાં બધું જ શ્રેષ્ઠ હોય એ હું માનવા તૈયાર નથી. ગામમાં કયાંક તો, કયારેક તો કોઇ ખરાબ કામ થયું હશે. બીજા શબ્દોમાં કહું તો સાંપ્રત પ્રવાહોને કારણે કયાંક તો ખરાબી હશે જ!'

'ખરાબી એટલે શું?' સરપંચને પત્રકારિણીનો પ્રશ્ન બહું ગૂઢ લાગ્યો.

'એટલે કે ત્રાસવાદી, આતંકવાદી, દેશદ્રોહી, ગુનેગાર કે ભ્રષ્ટાચાર જેવી આદતોવાળો જે ગુનાહિત પ્રવૃત્તિ ચલાવતો હોય એવો પણ કોઇ આ ગામમાં હોવો જોઇએ.'

'આવો બગાડ થાય તે પહેલાં અમે ચાંપતાં પગલાં લઇએ છીએ. અમે એને તડીપાર કરી દઇએ છીએ.'

'તો ગામમાં આવા કેટલા માણસો હશે?'

'માત્ર એક.'

'માત્ર એક! તો એની સામે તમે શું પગલાં લીધાં છે - આઇ મીન ચાંપતાં પગલાં.'

'એ આખા ગામને બગાડે તે પહેલાં અને એને ગાંધીનગર મોકલી દીધો છે.'

'ગુજરાતી લઘુકથા સંચય'માંથી સાભાર

### દુપ્લીકેટ

- પ્રેમજી પટેલ

બાપુજી પાછળ સઘળું વિધિ વિધાન પતાવી પંદરમાં દિવસે નોકરીએ હાજર થયો. આચાર્ય જીતુભાઇએ હળવાશથી પૂછ્યું 'શાંતિથી પતાવ્યું?'

'હું'

'પતાવવું જ પડે, માવતર થોડાં વારંવાર મળે' જીતુભાઇએ લાગણી બતાવી. પ્યુને પાણીનો ગ્લાસ ધર્યો.

મેં લઇ પીવા માંડ્યુ અને સાથોસાથ...

ગયા અઠવાડિયે જવાનપુર ગઇ'તી મોટીબુનના ત્યાં. જીતુભાઇનાં માસીનું ઘર બુનની પાડોશમાં છે. તમારા સાહેબનાં બા ત્યાં આવેલાં જાણી મળવા ગઇ. વાત વાતમાં મારાથી બળ્યું તેઓને પૂછાઇ ગયું કે કયારના આવ્યા છો જવાનપુર? એ તો રીતસર રોવા માંડ્યા. કયે તે દોઢ મહિનાથી આવી છું, હું તો છક થઇ ગઇ. પછી કેતા'તાં બે દીકરા ભણાયા પણ એકે રાખવા તૈયાર નથી. બુનના ઘેર પડી છું. આમ ભટકવા કરતાં તો નખ્ખોદ જયું ઓત તો સારું, મન વાળત! આતો તમે તમારા આચાર્ય બહું લાગણીવાળા કહો છોં તે... પણ દુપ્લીકેટ દાગીનો બહુ ચમકે, એવાના સેવાસથી તો આપણેય અવળું શીખીએ એના કરતાં તો... સવારે ઘરવાળીએ કહેલા શબ્દો પીવાયઇ ગયા જાણે!

પટાવાળાએ ખાલી ગ્લાસ માગ્યો ત્યારે દાગીના સામે જોતો હોઉં એમ જોઇ, મેં ખાલી ગ્યાલ આપ્યો.

'અવેર'માંથી સાભાર

# પોતાના બાપાને હોસ્પિટલમાં દાખલ કર્યા પછી મોહન બાજુના ગામે એક બે દિવસ માટે જાય છે, આ દરમિયાન હોસ્પિટલમાં આયા, બિમાર ગોરધનનું ધ્યાન રાખે છે

## હૃદય પરિવર્તન
- નિરંજન ઓઝા

ભાવનગર જીલ્લાના બોટાદ તાલુકાના સામેશ્વર ગામે ગોરધન રહે છે, ગામમાં ખેતરનું રખેવાળું, પાણી વાળવાનું તેમજ ખેતરની ચોકી કરવાનું કામ કરી રહ્યો છે. ભણતર નથી પરંતુ ગણતર છે. તેનો પરિવાર પણ ખૂબ નાનો છે. એક દીકરો નામે મોહન તે પણ પુખ્તવયનો છે તેથી અવારનવાર તેના બાપાને કામમાં મદદરૂપ થાય છે. એક દિવસ તેના બાપાએ ઇતરજ્ઞાતિની છોકરી સાથે લગ્ન કરવાનો પ્રસ્તાવ મુકે છે. પહેલાં તો ગોરધનને લગ્નના પ્રસ્તાવનું આશ્ચર્ય થાય છે. પરંતુ દીકરો પુખ્તવયનો થતાં આગળ સંસાર વધે તેથી દીકરો સાથે ચર્ચા-વિચારણા કરતાં, ભગ્ન હૃદયે પ્રસ્તાવનો સ્વીકાર કરે છે. આવા ઇત્તરજ્ઞાતિના લગ્ન વિષે વિચારતાં - વિચારતાં, અચાનક ગોરધનની તબીયત બગડે છે અને ભાવનગર શહેરની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે છે. પોતાના બાપાને હોસ્પિટલમાં દાખલ કર્યા પછી મોહન બાજુના ગામે એક બે દિવસ માટે જાય છે. આ દરમિયાન હોસ્પિટલમાં આયા, બિમાર ગોરધનનું ધ્યાન રાખે છે.

બીજે દિવસે ગોરધન સ્વસ્થ થતાં, આયાને ઝેરની પડીકી લાવવા જણાવે છે. ત્યારે વાતચીતમાં ગોરધન જણાવે છે કે મારો દીકરો ઇત્તરજ્ઞાતિમાં લગ્ન કરવાનું વિચારે છે. મેં ભગ્ન હૃદયે તેને મંજૂરી આપી છે પરંતુ તેનો વિરોધ છું મારે હવે જીવવું નથી, મને જીવતો જ રાખવો હોય તો એક કામ કર, તે રાધા નામની છોકરી સાથે લગ્ન કરવાનો છે તેને કોઇ પણ હિસાબે સમજાવીને આ લગ્ન થાય નહિ તેવું તારે કરવાનું છે, તને જોઇએ તેટલા પૈસા આપીશ, પણ તું આ લગ્ન અટકાવ.

આવા વાર્તાલાપ પછી આયાનું નામ પુછતાં, આયા પોતાનું નામ મીરાં જણાવે છે અને હૈયાધારણ આપે છે કે હું મારા બનતાં બધાં જ પ્રયત્નો કરીશ, વિશેષમાં જણાવે છે કે આવા કામો પૈસાથી નહિં પરંતુ પ્રેમથી થાય છે. ગોરધન હવે નિશ્ચિત થાય છે, બીજે દિવસે પુછતાં મીરાં જણાવે છે કે મેં મારા કામમાં સફળતા મેળવી છે અને રાધા તમારા પુત્ર સાથે લગ્ન નહિ કરે તેવી ખાત્રી પણ મેળવી લીધી છે. આ વાતચીત ચાલતી હતી તે દરમિયાન મોહન આવે છે અને રાધા, બાપાને કેમ છે તેમ પુછે છે. ગોરધનને આશ્ચર્ય થાય છે અને કહે છે કે આ રાધા નથી, આ તો મીરાં છે, નહિ નહિ બાપા, આ જ રાધા છે, જેની સાથે હું લગ્ન કરવાનું વિચારી રહ્યો છું. ગોરધનને આ વાત સાંભળી પસ્તાવો થાય છે. વાણી, વર્તન અને વ્યવહારમાં સરળ એવી માયાળુ, રાધા-મીરા એક જ છે અને તે મારા મોહન માટે યોગ્ય છે કારણ કે મોહનને રાધા જ યોગ્ય છે. તે જાણ્યા -વિચાર્યા સિવાય વિરોધ કર્યો તેને પસ્તાવો થાય છે. મારા દીકરાનું ભવિષ્ય હવે રાધા-મીરાના હાથમાં ઘણું જ ઉજ્જવળ થશે તેવું ખાત્રીપૂર્વક કહી શકું તેમ છું તેમ ગોરધન મનોમન વિચારે છે. થોડા સમય પછી મોહન-રાધા (મીરાં) સાથે લગ્નગ્રંથીથી જોડાય છે.

# સમસ્યાથી દૂર ભાગશો કે સમસ્યાને ભગાડશો?

## રોહિતોપદેશ
- રોહિત શાહ

દરેક વ્યક્તિની સમસ્યા અલગ હોય છે એમ એ સમસ્યાનો ઉકેલ લાવવાની રીત પણ દરેક વ્યક્તિની અલગ હોય છે. સંસારમાં એવી કોઇ માસ્ટર કી નથી જેના દ્વારા દરેક વ્યક્તિની સમસ્યાનું કોમન સોલ્યુશન લાવી દઇ શકાય. બે વ્યક્તિ વચ્ચેના અણબનાવની વાત હોય, વિશ્વાસની વાત હોય, પરસ્પરને અનુકૂળ થવાની વાત હોય, સંબંધોમાં પેદા થયેલા તણાવની વાત હોય તે કોઇ મતભેદની વાત હોય; આવી અનેક સમસ્યાઓ આપણી લાઇફમાં આવ્યા કરતી હોય છે. માનવી કોઇ એવી સમસ્યા પર ઢાંકપિછોડો કરીને જાણે કોઇ સમસ્યા જ નથી એમ માનીને જીવે છે. શાહમૃગની પાછલ કોઇ શિકારી પ્રાણી પીછો કરતું હોય ત્યારે શાહમૃગ થોડુંક દોડીને ધૂળમાં પોતાનું માથું સંતાડી દઇને એમ માને છે કે હવે હું જેવી રીતે શિકારીને નથી જોઇ શકતું એમ શિકારી પણ નહિ જ જોઇ શકતો હોય, એટલે હવે હું સુરક્ષિત છું. સમસ્યાની સામે ઢાંકપિછોડો કરવાની શાહમૃગી વૃત્તિ આખરે વ્યક્તિનો સર્વનાશ કરે છે.

કેટલાક લોકો સમસ્યાઓ સામે થોડોક વખત ઘુરકિયાં કરે છે, સમસ્યાઓને પડકારતાં હોવાના ત્રાગાં કરે છે અને છેવટે શરણાગતિ સ્વીકારી લે છે. કેટલાક લોકો તો સમસ્યાને જોતાં જ એને વહાલ કરવા મંડી પડશે, એને કાલાવાલા કરવા માંડશે, પોતે જાણે એને સરેન્ડર થવા ઉત્સુક હોય એવું બતાવશે. આમ કરીને એ લોકો પોતાનો ડર છુપાવે છે. પોતે ડરપોક નથી પણ ડાહ્યા છે એવું પુરવાર કરવા માટે સમસ્યાને વહાલ કરવું આવશ્યક બની રહે છે. કેટલાક લોકો કાયર હોય છે. એવા સામર્થ્યહીન માણસો કાં તો સંસારનો ત્યાગ કરે છે, કાં તો જગતને છોડીને ચાલ્યા જાય છે. એમાંના કેટલાક ભાગેડુઓ તો મહાત્મા, પુણ્યાત્મા કે ધર્મગુરુ બની જાય છે. તેમના ઉપદેશમાં જીવનને આનંદમય બનાવવાની કોઇ વાત નથી હોતી. તેમનો ઉપદેશ સૌને સંસારની સમસ્યાઓથી જાણે ડરાવવાનો જ હોય છે. ભાગો.... ભાગો... બસ ભાગો! સાત્ત્વિક ગુરુ કદીયે ત્યાગવાનું અને ભાગવાનું નથી કહેતો, તે તો માત્ર જાગવાનું જ કહે છે.

ઘણા લોકો પોતાની સમસ્યાનું ટેમ્પરરી સોલ્યુશન લાવીને પોતાનું કામ આગળ ચલાવતા હોય છે. અત્યારે આમ કરીને આગળ વધો, હમણાં આમ કરવાથી ચાલી જશે - આ વૃત્તિ પણ યોગ્ય નથી. સમસ્યા તણખા જેવી હોય છે. એને તરત ઠારી દેવામાં ન આવે તો ધીરે ધીરે પ્રજવળ્યા કરે છે અને આખરે એમાંથી મોટો ભડકો પેદા થઇ જતાં બધું ભસ્મીભૂત થઇ જાય છે.

સમસ્યાને યથાવત્ રાખીને આગળ ધકેલ્યા કરવાથી જોખમ ટળી નથી જતું, ઊલટાનું એ ગમે ત્યારે વિકરાળ સ્વરૂપે આપણા પર ત્રાટકે છે. શાણપણ એ જ છે કે જે - તે સમસ્યાનો પર્મનેન્ટ ઉપાય કરવો. એ માટે આજે ભલે થોડું કષ્ટ અને થોડી કઠિનાઇ વેઠવાં પડે, પરંતુ એમ કરવાથી ભવિષ્ય સુરક્ષિત થઇ જશે. ટેમ્પરરી સોલ્યુશન વર્તમાનને કદાચ થોડીક રાહત આપી શકે, પણ ચક્રવૃત્તિ વ્યાજ સહિત એ બધી વસૂલાત કરે છે.

વ્યાધિ અને વેરી આ બંનેને આરંભથી જ ખતમ કરી દેવાં જોઇએ. રોગ અને શત્રુ જેમ-જેમ જૂના થશે તેમ તેમ વધુ બળવાન થશે એટલે એમનો ત્વરિત ઉપાય કરવો જોઇએ. સમસ્યાઓ આપણી શત્રુ જ છે ને! એમનો નાશ કરવો અનિવાર્ય છે. એટલું જ નહિ, આજે આપણી સામે ભલે એક જ સમસ્યા હોય, આવતી કાલે બીજી પણ નાની-મોટી ઘણી સમસ્યાઓ આવી શકે છે. કયાં સુધી સમસ્યાઓને ટાળતા-ધકેલતા રહીશું? એક સામટી અનેક સમસ્યાઓ સામે લડવાનું (અને એમાં જીતવાનું) અશક્ય નહિ તોય અઘરું તો થઇ જ શકે! એના કરતાં રોજેરોજની સમસ્યાઓ અને ઉપદ્રવોને ખતમ કરતા જઇએ તો આપણું સામર્થ્ય વધે છે અને સમસ્યાઓ કરજોર બનતી જાય છે.

એક વિચારકે બહુ જ માર્મિક વાત કરી છે કે સાચો ગુરુ તો મારો દરજી છે, કારણ કે હું જયારે જયારે તેની પાસે કપડાં સિવડાવવા જાઉ છું ત્યારે ત્યારે દરેક વખતે તે મારું નવેસર માપ લે છે! વાસી વિચારો અને સડેલાં સમાધાનોની હાટડીઓ લઇને બેઠેલા ગુરુઓ પાસે તેમની પોતાની સમસ્યાના ઉકેલ પણ નથી હોતા. તેમની પાછલ ફિલ્ડીંગ ભરવાનો કોઇ અર્થ નથી. ગુરુ તેને બનાવીએ જે ઝઝૂમવાનું જાણતા હોય, તે સમર્થ હોય.

આજની સમસ્યાનો ઉકેલ કરવાનું શ્રેષ્ઠ મુરત આજે છે એમ સમજીને જે માણસ જીવે છે તેની લાઇફમાં ઘેટ ઇઝ નો પ્રોબ્લેમ.

# સહજરૂપે પ્રયોજતા વિદેશી શબ્દોમાં મનના પ્રેમભાવ વ્યક્ત થતા હશે ખરા - ઘરમાં આવા શબ્દોનું ચલણ સ્વાભાવિક વધતું જાય છે તે પ્રગતિની નિશાની નથી અને મૂળ આપણો શબ્દ વાપરવો તે પછાતપણું નથી

## પ્રસંગકથા
- અનંત ન. વ્યાસ

ઘણી વખત એકાદ નાનકડો શબ્દ - અનાયાસે બોલાયેલ વાક્ય હૈયાના તારોને એવા તો ઝંકૃત કરી દે છે તે જાણી નવાઇમાં ડૂબી જવાય. સાચો શબ્દ યોગ્ય સ્થળે યોજાય તો તે વગર સમજાવ્યે ઘણું સમજાવી દે. આવો એક નાનકડો પ્રસંગ બન્યો.

મેં રાકેશના કુટુંબને ભોજન માટે નોતર્યું. રાકેશ, તેના નાના બે બાઇ, એક બહેન તથા સાત-દાયકા પાર કરી ગયેલા માજી.... જમવાનું તૈયાર થયું. સૌ ભોજન લેવા ઊઠ્યા. ત્યાં મેં માજીને કહ્યું, 'બા ચાલો - જમવા. ઘડીભર માજી મારી સામે જોઇ રહ્યા. મને લાગ્યું કદાચ ઓછું સાંભળતા હશે. એટલે ફરિવાર કહ્યું, 'બા, ચાલો... એ દરમિયાન મારા પત્ની આવ્યા ને કહે, 'બા ચાલો, હાથ પકડીને લઇ જાઉં.'

ત્રણ વાર 'બા' શબ્દ સાંભળી એ માજીની આંખ ભરાઇ આવી. મને કહે, 'હાશ... કેટલા વખતે 'બા' શબ્દ સંભળાયો, આ મારા છોકરા - 'મમ્મી - મમ્મી કરે... એ મને પ્રેમ તો કરતા જ હોય છે પણ મને 'મમ્મી' કાનમાં વાગે. તે 'મમ્મી' માં કયાં...? દીકરા તે તારી પત્નીએ મને 'બા' કહી તે ખૂબ ગમ્યું...

રાકેશનું કુટુંબ જમીને ગયું. પણ એક સનાતન પ્રશ્ન આપણી સામે મુકતું ગયું. સહજરૂપે પ્રયોજતા વિદેશી શબ્દોમાં મનના પ્રેમભાવ વ્યક્ત થતા હશે ખરા - ઘરમાં આવા શબ્દોનું ચલણ સ્વાભાવિક વધતું જાય છે. તે પ્રગતિની નિશાની નથી અને મૂળ આપણો શબ્દ વાપરવો તે પછાતપણું નથી. 'અંકલ' કહેવા કરતાં 'દાદાજી' કહેવામાં વધારે આત્મિયતા છે.

